# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૩/૦૫/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૬૩૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૧૦ લીટર દેશી દારૂ, ૧૦૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૪૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૬૩૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૬૩૯/૨૦૨૫**

**આનંદનગરઃ** મીનાક્ષીબહેન વા/ઓ કાંતીભાઈ મીચાવાડા (ઉ.વ.૩૯)(રહે.કૃષ્ણધામ ઔડાના મકાન, વિભાગ–૨, આનંદનગર) એ તા.૧૨/૦૫/૨૦૨૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૬ થી તા.૧૨/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મુકેશભાઇ પંચાલ (રહે.હરીપાર્ક સોસાયટી રેડીયો મીર્ચીરોડ સેટેલાઇટ) (૨) પુનિતાબહેન વિરાણી (૩)વિપુલ યાજ્ઞિક (૪) તુષાર પંડ્યા (૫) નિરવ પંડ્યા (૬) શંકરભાઇ (૭) નીતાબહેન ચકાજી ઠાકોર નાઓએ ભેગામળી અમદાવાદ તથા ગાંધીનગર મ્યુ કોર્પોરેશનના નોકરી કરતા હોવાનું તથા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ડ્રો વગર સેટીંગથી થલતેજ તક્ષશીલામાં મકાન અપાવાનું કામ કરતા હોવાનું જણાવી મીનાક્ષીબહેનને વિશ્વાસમાં લઇ મકાન અપાવવાનુ કહી મીનાક્ષીબહેન પાસેથી કુલ રૂપિયા ૭,૫૦,૦૦૦/– મેળવી લઇ, ખોટા લેટર અને રીસીપ્ટો આપી, મીનાક્ષીબહેન મીચાવાડાને મકાન નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૬૪૦/૨૦૨૫**

**બાપુનગરઃ** નટવરભાઇ રૂડાભાઇ પરમાર (ઉ.વ.૫૮)(રહે.વૈશાલી ફ્લેટ, લીલાનગર રોડ, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૫/૨૦૨૫ કલાક ૨/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૦૮,૦૦૦/– અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૮,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** નરેશભાઈ ભુપતભાઇ વસાવા (રહે.દેવ બંગ્લોઝ, માનશી એપાર્ટમેન્ટ સામે, વિઠ્ઠલનગરનો ટેકરો, જશોદાનગર) એ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૫/૨૦૨૫ કલાક ૯/૦૦ થી તા.૧૨/૦૫/૨૦૨૫ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૫૭,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનસિંહ દશરથસિંહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૪૧/૨૦૨૫**

**કાગડાપીઠઃ** સજનબા કિરિટસિંહ જાડેજા (ઉ.વ.૬૭)(રહે.જય ગાયત્રીનગર સોસાયટી, છેલ્લા બસ સ્ટેશન પાસે, મેઘાણીનગર) એ તા.૧૨/૦૫/૨૦૨૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૫ બપોરના ૩/૩૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન ગીતા મંદીર બસ સ્ટેશન, રાજસ્થાન ભોજનાલય સામેથી સારંગપુર એએમટીએસ બસ સ્ટેશન સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ ભેગામળી સજનબાની નજર ચુકવી સજનબાના થેલામાંથી રોકડ રૂપિયા ૧,૦૭,૦૦૦/- ચોરી કરી સજનબાને રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૪૨/૨૦૨૫**

**નારણપુરાઃ** પુંજીલાલ ભુરાજી યાદવ (ઉ.વ.૪૭)(રહે. માતમભાઇની ચાલી, ભરવાડવાસ, નવા વાડજ) એ અગમ્ય કારણોસર તા.૧૨/૦૫/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા નારણપુરા વિજયનગર રેલવે ક્રોસીંગ થી આદર્શનગર તરફ જતા જૈન દેરાસર સામે ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ. શ્રી સુરભી હિતેન્દ્રકુમાર ચલાવે છે.

**રાણીપઃ** લીલાબહેન કાનજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૦)(રહે.કામધેનું સોસાયટી, વિભાગ-૩ રાણીપ) એ માનસિક બિમારથી કંટાળી તા.૧૧/૦૫/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે સળગી જતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૫/૨૦૨૫ કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ કાવજીભાઈ ચલાવે છે.

**ઓઢવઃ** જયભાઇ મુકેશભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે.વૃંદાવન પાર્ક સોસાયટી, ગુરુકુળ સ્કુલ સામે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૫/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન ઓઢવ રીંગ રોડ, કહાન કોમ્પલેક્ષ, એપોલો હોટલ, ચોથા માળે, રૂમ નંબર-૨૦૬ ખાતે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

**નારોલઃ** પ્રમોદસિંહ સુરેશસિંહ જાતે સિંહ (ઉ.વ.૨૭)(રહે.પદમલક્ષ્મી સોસાયટી, મોની હોટલના ખાંચામાં, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૫/૨૦૨૫ બપોરના ૧૨/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી